# લોક સંવાદ સેતુ  તારીખ : ૧૯/૦૫/૨૦૧૬તાલુકો: ઘોઘા

| પ્રશ્ન નં. | રજૂઆતકર્તા નું નામ અને સરનામું | પ્રશ્ન / રજૂઆત ની વિગત | જવાબ / નિર્ણય ની વિગત | નિરાકરણ કરનારા અધિકારી શ્રી ના નામ અને મોબાઈલ નંબર | પેટા વિભાગીય કચેરી | વિભાગીય કચેરી | વર્તુળ કચેરી | નિકાલ ની સ્થિતિ (નિકાલ / પ્રગતિ હેઠળ /નીતિ વિષયક ) | જો પડતર હોય તો નિકાલ ની સમયમર્યાદા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | લગધીર સિંહ જી. ગોહિલ , (સરપંચશ્રી - ત્રાંબક ) , રહે . ત્રાંબક , તા, ઘોઘા | ગ્રાહક ને મોટા બીલ આપવા બાબત તથા નવા વીજજોડાણ ના અંદાજ પત્રક બાબતે | પી.જી.વી.સી.એલ દ્વારા કોઈપણ ગ્રાહક ને બિલ આપવામાં આવે છે તે ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ દર મુજબ જ આપવામાં આવે છે. તેમજ નવા વીજ જોડાણોમાટે નું અંદાજ પત્ર પણ ઓન-લાઈન સિસ્ટમ માજ તૈયાર કરવામાં આવે છે. જે પણ ગુજરાત ઈલેક્ટ્રીસીટી રેગ્યુલેટરી કમિશન દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ દર મુજબ જ હોઈ છે. | એચ.જી.દુલેરા ના.ઈ.મો. નં. ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા સ.ડી. | સીટી -૨ | ભાવનગર | નિકાલ | | |
| ૨ | બીજલભાઈ વાલાભાઈ ડાભી દુલાભાઈ વશરામભાઈ ડાભી મુ.- નેસવડ,તા,- ઘોઘા | ખેતીવાડી વીજજોડાણ પુનઃ આપવા માટે તથા સ્થળ ફેરફાર કરવા બાબત. | પી.જી.વી.સી.એલ.  મામસા પેટા વિભાગીય કચેરી દ્વારા   વાલાભાઈ લક્ષ્મણ ભાઈ નામનું ખેતીવિષયક વિજ જોડાણ નેસવડ ગામે (એ-૧ કેટેગરી ) નું તારીખ ૨૧.૧૨.૧૯૮૬ ના રોજ આપવામાં આવેલ હતું. જેનો ગ્રાહક નં ૩૭૮૪૫/૫૦૦૧૨/૭ છે. જે બાકી રકમના કારણે માર્ચ-એપ્રિલ ૨૦૦૦ ના સમય ગાળા માં ઉતારી રદ કરવામાં આવેલ હતું. જે વીજ જોડાણ ફરી શરુ કરવા માટે આપ શ્રી મામસા પી.જી.વી.સી.એલ. કચેરી ખાતે ખેતીવાડી પુનઃ વીજ જોડાણ માટેના જરૂરી આધાર પુરાવા (૭/૧૨, ૮-અ, ૬ નંબર ના હક્પત્રકો ની ઉતરોત્તર નોંધો,ચતુર દિશા નો ત.ક.મ.શ્રી નો દાખલો , કુવામાં પાણીનો ત.ક.મ.શ્રી નો દાખલો ,જરૂરી ભાઈઓ ભાગ હોઈ તો ૧૦૦ ના સ્ટેમ્પ પેપર પર નોટારાઈઝ સંમતિ પત્ર , ટપક સિંચાઇ નું ફોર્મ વિગેરે ) રજુ કરી રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ કંપનીના નિયમાનુસાર આપના ખેતીવાડી પુનઃવીજ જોડાણ ની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.તથા ખેતીવાડી કનેક્શન પુનઃ ચાલુ થયા બાદ, સ્થળ ફેરફાર અંગેની અરજી કરવામાં આવ્યે કંમ્પનીના  નિયમાનુસાર સ્થળ ફેરફાર કરી આપવામાં આવશે. | એચ.જી.દુલેરા ના.ઈ.મો. નં. ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા સ.ડી. | સીટી -૨ | ભાવનગર | નિકાલ | | |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 3 | ધનશ્યામભાઈ ગમાનસંગ રાવ પટેલ પાર્ક-૨,પ્લોટ નં ૩૪૬૮ ચિન્મય ભાવાશ્રમ ની પાછળ , અયોધ્યા મઢુલીની સામે ,કાળીયાબીડ,ભાવનગર | દંડ ના પૂરવણી બીલ બાબત | સદર અરજદાર ના રહેણાંક મકાન માં  તારીખ ૨૦.૦૨.૨૦૧૬ ના રોજ મામસા પેટા વિભાગીય કચેરી ના જૂની. ઈજનેર શ્રી સી.એચ. મોનપરા દ્વારા ચણીયાલા ગામમાં વીજ ચેકિંગ કરવામાં આવેલ હતું જેમાં સદર અરજદાર ના રહેણાકીય મકાનમાં તપાસણી કરતા તેમના મકાન નજીક થી પસાર થતી ૧૧ કેવી. ભાંખલ જે.જી.વાય. ફીડર ની હળવા દબાણ ની વીજલાઈન માંથી ડાયરેકટ જોડાણ (લંગર) નાખી બિન અધિકૃત રીતે વીજ વપરાશ થતો હોવાનું માલુમ પડેલ હોઈ ,સ્થળ પર જોવા મળેલ પરિસ્થિતિ અનુસાર ચેકિંગ અધિકારી દ્વારા ચેકિંગ શીટ નં. ૯૩૮૨૬ તારીખ ૨૦.૨.૨૦૧૬ ભરવામાં આવેલ. ચેકિંગ સમયે સ્થળ પર હાજર મહિલા હાજર હતા પરંતુ ચેકિંગ શીટ માં સહી કરેલ નહિ. સદર ધનશ્યામભાઈ ગમાનસંગ રાવ ના ડેલા વાળા ભાગમાં અંદર બે મકાનમાં કાયદેસરવિજયભાઈ ધનાભાઇ રાવ ના નામ  નું ગ્રાહક નંબર ૩૭૮૩૭૦૦૦૯૦૦ ધરાવતું ઘરવપરાશ હેતુનું વીજજોડાણ છે. જયારે તેની બાજુમાં આવેલ મકાનમાં બિન અધીકૃત વીજ વપરાશ થતો હતો અને તે મકાનની માલિકી સ્થળ પર હાજર મહિલા ના જણાવ્યા અનુસાર ધનશ્યામભાઈ ગમાનસંગ રાવ ની જણાવેલ છે. જેથી સદર સ્થળ પર હાજર મહિલા ના જણાવ્યા અનુશાર વીજ બિન ગ્રાહક ને ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબ મામસા પેટા વિભાગીય કચેરી દ્વારા કંપનીના નિયમ અનુસાર ગણતરી કરી સદર અરજદાર ને જાવક નં એમએસડી/ટી/૧૩૮૪  તારીખ ૧.૩.૨૦૧૬ થી વીજ ચોરી નું બિલ રૂપિયા ૧૯૩૮૬.૧૨ /- તથા કમ્પાઉન્ડીંગ ચાર્જ રૂપિયા ૧૦૦૦/- એમ કુલ રૂપિયા ૨૦૩૮૬.૧૨/-નું બિલ આપવામાં આવેલ છે. | એચ.જી.દુલેરા ના.ઈ.મો. નં. ૯૮૭૯૨૦૧૯૬૫ | મામસા સ.ડી. | સીટી-૨ | ભાવનગર | નિકાલ | | |
| ૪ | **સરપંચશ્રી, ગ્રામ પંચાયત, તણસા , તાઘોઘા :જી: ભાવનગર** | તણસા ગામના ડુંગરા માં લાગેલ આગ -અકસ્માત થી થયેલ નુકસાન ના વળતર બાબત | તણસા ગામના ડુંગરા માં લાગેલ આગ -અકસ્માતના બનાવ અંગેની જાણકારી ત્રાપજ પેટા વિભાગીય કચેરીને, ઘોઘા પોલીસ સ્ટેશનના પત્ર નં ૪૫૭/૬.૪.૧૬થી મળેલ જેના અનુસંધાને ત્રાપજ પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેર શ્રી કે.ડી.પટેલ દ્વારા તા.૧૪.૦૪.૨૦૧૬ના રોજ સદર સ્થળની રૂબરૂ મુલાકાત કરી પંચ રોજકામ કરવામ આવેલ. બનાવ ૨૧.૦૩.૨૦૧૬ના રોજ બનવા પામેલ જેની જાણ આશરે ૨૫ દિવસ બાદ થતા બનાવ અંગેના સ્પષ્ટ સાયોગીક પુરાવાઓ મળવા પાવેલ નથી.<br>આગ અક્સમાંતના બનાવ અંગે, બનાવ બન્યા બાદ, ૨૪ કલાકમાં માલિકી અંગેના જરૂરી આધાર પુરાવા સાથે રજુઆત્  કરવાની હોય છે. જે અરજદાર દ્વારા કરવામાં આવેલ નથી.<br>તેમ છતાં જો અરજદાર માલિકી અંગેના જરૂરી આધાર પુરાવા સાથે રજુઆત કરશે, તો વળતર અંગેની કાર્યવાહી માટે પી.જી.વી.સી.એલ.દ્વારા નિયત કરેલ વીમા કંપનીને મોકલી આપવામાં આવશે. | કે.ડી.પટેલ ના.ઈ.મો. નં. ૯૯૨૫૨૦૯૨૯૩ | ત્રાપજ સ.ડી. | પાલીતાણા | ભાવનગર | નિકાલ | | |